**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૩ માં અમદાવાદ**

**ફોજદારી કેસ નંબર:–     ૧૨૬૫૭૫                    વર્ષ:–૨૦૨૧**

**આંક:–**

**<u>ફરીયાદી</u>: શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**<u>આરોપી</u> શૈલેશ ધનજીભાઈ કડિયા, રહે.અમદાવાદ.**

**<u>ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એ) (એ) મુજબ</u>**

(૧) ચેરમેનશ્રી વ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટેચલ સીટીગનું આયોજન કરવામાં આવેલ છે તેમાં આરોપી હાજર થઈ ગુનાની કબુલાત અંગે પુરશીશ આપતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે જે મુજબ ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી પાસેથી ચાર્જશીટ માં દર્શાવ્યા મુજબ નો દેશી દારૂ મળી આવેલ છે પોલીસ ધ્વારા તેની સામે ગુજરાત નશાબંધી ધારાની **<u>કલમ ૬૫(એ) (એ)</u>** અન્વયુ ગુનો દાખલ કરી ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. તે અન્વયે કોર્ટ આરોપીને સમન્સ કરેલ અને આરોપી હાજર થતા પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી પોલીસે દાખલ કરેલ ચાર્જશીટ તથા સાધનીક કાગળો ધ્યાન સમક્ષ રાખી ચાર્જ અંગે આંક – ૧ અન્વયે કરવામાં આવેલ હુકમ મુજબ આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન અધિનિયમની કલમ ૬૫(એ) (એ) મુજબનો ચાર્જફ્રેમ કરવામાં આવેલ છે.

(૨) આરોપીને તે ગુના અંગેનું તહોમત ફરમાવી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જાહેર કરેલ તથા કબુલાત પુરશીશ અલગથી રજુ કરેલ છે જેમાં જાહેર કરેલ છે કે, તેઓનો આ પ્ર થમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છ, તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી જેથી તેઓ પોતાનું તેમજ પોતાના કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિ કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી

અને આર્થિક પરીસ્થિતિ ખરાબ હોવાને કારણે હાલનો ગુનો થઈ ગયેલ છે તેઓએ ભુતકાળ માં આવો કયારેય ગુનો કરેલ નથી તેમજ તેની સામે અન્ય કોઈ આક્ષેપ પણ નથી, ચાર્જશીટના કોલમ નં. ૫ માં જણાવ્યા મુજબ વગર પાસ પરમીટે આરોપી પાસેથી ઉપર મુજબનો દારૂનો જથ્થો મળી આવેલાનો આક્ષેપ છે તેઓની આર્થિક પરિસ્થતિ સારી નહી હોય ઉપરાંત રોજગારી પણ નહી હોય ટ્રાયલ ચાલતા દરમ્યાના તેઓએ અવાર નવાર આવવાની જરૂર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે, તેઓને કયારેક રોજગારી મળે છે તે પણ તેઓ પોતાની ભુલ સુધારવા માગતા હોય તેમજ કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાનો વ્યય થતો અટકાવવાના ઉદેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૪) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષ્યમાં લેતા વગર પાસ પરમીટે ઉપર મુજબનો દારૂનો જથ્થો આરોપી પાસેથી મળી આવ્યાનો આક્ષેપ છે આરોપી સામે અગાઉ આવો કોઈ ગુનો નોધાયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપીની અગાઉ કોઈ ગુનામાં સજા થયેલ હોય તેવું પણ ચાર્જશીટ માં જણાવેલ નથી. આરોપી ગુનાહીત ઈતીહાસ ધરાવતા હોય તેવું જાહેર થયેલ નથી. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનાફરીયાદી, સરકારી અમલદાર સાહેદ,પંચો,સરકારી અધિકારી,અને સરકારી અધિકારી ત.ક. અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ પર આવે ત્યારે આરોપીને સજા થાય વર્તમાન સમયમાં કોર્ટમાં પેન્ડિંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષ્યમાં લેતા ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને કેસ ફેસલ થવાની સંભાવના નહીવત છે આરોપીનો સમય, ફરીયાદ પક્ષે સરકારી વકીલનો સમય,સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય તે ટ્રાયલને અંતે આરોપી કસુરવાન ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક

હુકમ કરવામાં આવે, તેના બદલે જો આરોપી હાલનો ગુનો કબુલે છે ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોય તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય ત્યારે રેકર્ડ પર આવેલ તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિ ને ધ્યાનમાં લઈ તેમજ આ કામે લઘુતમ સજા નકકી થયેલ નથી. ત્યારે ગુજરાત રાજય વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

–આ કામના આરોપી ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એ)(એ) મુજબના ગુના બદલ આ કામના આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂપિયા ૫૦૦/– પુરા (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો આરોપી દંડ ન ભરે તો દિન– ૫ (પાંચ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

– મુદામાલ જેમાં વેલ્યુબલ મુદામાલ અથવા વાહન બાબતે કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવામાં આવે છે અને જો વેલ્યુબલ મુદામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો તે બાબતે અલગથી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છેફ.

– મુદામાલ દારૂ ના જથ્થાનો અપીલ સમય પુરો થયા બાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– ચેરમેનશ્રી વ.ચીફ મેટ્રપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ના કચેરસ આદેશ મુજબ

આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટીયલ સીટીગ નું આયોજન કરવામાં આવેલ છે આથી આ હુકમ આજરોજ યોજવામાં આવેલ આ સ્પેશીયલ મેજીસ્ટ્રેયલ સીટીગમાં ખુલ્લી અદાલત માં વાંચી લખી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

— હુકમની જાણ આરોપીને કરવી.

તારીખ:૧૧/૧૨/૨૦૨૧ (સુનંદા પ્રશાંત દુલેરા)

સ્થળ:અમદાવાદ એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

. કોર્ટ નં.૧૩,અમદાવાદ.

(GJ 0887)